## ૨૯મી ઓક્ટોબર સુધી એકતા યાત્રા જુદા જુદા ભાગોમાં ફરશે

# સરદાર પટેલના સ્ટેચ્યુના રાષ્ટ્રાર્પણના ભાગરૂપે સુરતમાં એકતા રથયાત્રા

| સુરત |

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી અને સરદાર પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા આવતીકાલથી સુરતમાં એકતા રથયાત્રાનું આયોજન થયું છે. ૨૦થી ૨૯મી ઓક્ટોબર દરમિયાન એકતા યાત્રા શહેરના જુદા જુદા ભાગોમાં ફરશે જેમાં જેમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ માટે ગુજરાત સરકાર દ્વારા નર્મદા ડેમ સામે સરદારની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આના સંદર્ભમાં તા. ૨૦-૧૦-૧૮ના રોજ સવારે ૯-૦૦ કલાકે અડાજણ ખાતે રામજીમંદરિ ઓવારા પાસે રાજ્યના આરોગ્ય-પરિવાર કલ્યાણ મંત્રી કિશોર કાનાણી, પાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટરો તેમજ નગરજનો દ્વારા રથની પુજા આરતી કર્યા બાદ રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવી રથને પ્રસ્થાન કરાવાશે.

એકતા રથનાં રૂટમાં આવતા તમામ સ્થાનો પર સ્વાગત કરવામાં આવશે. એકતા રથ સાથે વિવિધ રાજ્યોની પ્રતિકૃતિ ધરાવતા ટેબ્લો સાથેના વાહનો જોડાશે. સરદાર પટેલના કાર્યો અને સિદ્ધિઓથી લોકોને માહિતગાર કરવા એલસીડી પર ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવાશે. એકતા રથ યાત્રા પ્રથમ દિવસે સાંજે નિર્ધારિત રૂટ પરથી પસાર થઈ સાંજે ૬-૦૦ કલાકે જહાંગીરપુરા કોમ્યુનિટી હોલ પર પહોંચશે, જ્યાં સરદારના જીવનચરિત્ર દર્શાવતું નાટક સરદાર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

નિયત કાર્યક્રમ મુજબ એકતા રથયાત્રા ૨૦મીએ રાંદેર ઝોનમાં, ૨૧મીએ કતારગામ ઝોનમાં, ૨૨મીએ કતારગામ-વરાછા ઝોનમા, ૨૩મી અને ૨૪મીએ વરાછાઝોનમાં, ૨૫મીએ સેન્ટ્રલ ઝોનમાં, ૨૬મીએ લિંબાયત ઝોનમાં, ૨૭મીએ ઉધના ઝોનમાં અને ૨૮મીએ અઠવા ઝોનના જુદા જુદા વિસ્તારોમાં ફરશે. દરેક ઝોનમાં કોમ્યુનિટી હોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવાવ માટે ભાજપ દ્વારા તમામ વોર્ડના પદાધિકારીઓને જવાબદારી પણ સોંપી દેવામાં આવી છે.